**વડોદરાના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુકામ. વડોદરા.**

**ફોજદારી કેસ નં.: ૧૮૩૪૩/૨૦૨૧**

**ફરીયાદી :** **શ્રી સરકાર**

**વિરુઘ્ઘ**

**આરોપી :** **વિકુંજભાઈ હસમુખભાઈ પ્રજાપતિ**
**ઉ.વ.–૨૬**
રહે. મ.નં.એફ/૧૮/૩૮૧ પ્રજાપતિ ફળીયુ, તાંદલજા ગામ,વડોદરા

---

**ગુનો :– ઈ.પી.કો.ક.–૨૬૯, ૧૮૮ તથા એપેડેમીક એક્ટ ૧૯૮૭ની કલમ–૩ તથા એમ.વી.એકટની કલમ –૧૮૫ મુજબનો**

---

**–: ચુકાદો :–**

૧) **ફરિયાદપક્ષના કેસની ટૂકમાં હકીકત એવી છે કે,** આ કામના આરોપીએ ફરિયાદમાં જણાવેલ તારીખે સમયે અને સ્થળે પોલીસ કમિશ્નરશ્રીના રાત્રી કર્ફ્યુના જાહેરનામાનો ભંગ કરી, પોતાના હવાલાના કબજાનું વાહન વગર પાસપરમીટે કેફીપીણાનો નશો કરેલ હાલતમાં ચલાવી જાહેર માર્ગ ઉપર મળી આવી પકડાઈ જઈ **ઈ.પી.કો.ક.–૨૬૯, ૧ ૮૮ તથા એપેડેમીક એક્ટ ૧૯૮૭ની કલમ–૩ તથા એમ.વી.એકટની કલમ –૧૮૫ મુજબનો** ગુન્હો કરેલાનું ચાર્જશીટ તપાસ કરનાર અધિકારીશ્રીએ આરોપી વિરૂઘ્ઘ કરેલ છે.

૨) આજરોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હોઈ તથા આજરોજ ખાસ સીટીંગનુ આયોજન હોઈ હાલના ગુનાની સજાની જોગવાઈ વિગેરે ઘ્યાને લેતાં સદર કામ ખાસ સીટીંગમાં મુકવામાં આવેલ અને આરોપી હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપી હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોઈ આરોપીનું નિવેદન લેતાં આરોપીએ તેઓના વિરુઘ્ઘના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ અલાયદી કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં તેઓ વિરુઘ્ઘં પ્રથમ ગુનો નોંઘાયેલ છે તથા તેઓને ગુના સંબંઘે પસ્તાવો છે અને સુઘરવાની તક આપવા દયા કરી યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

૩). આરોપીને ગુન્હાની શિક્ષા અંગે સમજાવવામાં આવ્યા, તેમ છતાં આરોપી ગુના કબુલાતની હકીકતને વળગી રહેલ છે, જેથી આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. અગાઉ આરોપીએ આ પ્રકારનો ગુન્હો કર્યો હોય તેવું રેકર્ડ

પરથી જણાઈ આવતું નથી. જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોઈ અને આરોપીને સુધરવાની તક મળી રહે તેમજ ભવિષ્યમાં તેઓ આ પ્રકારનું કૃત્ય નહી કરે તેવી કોર્ટ સમક્ષ ખાત્રી આપતા હોઈ આરોપીની સ્વૈચ્છીક કબુલાત લક્ષમાં લઈ ગુનેગારને તેના કૃત્યનો અહેસાસ થાય તે માટે તમામ હકીકતો ધ્યાને લઈ આરોપીને સદર ગુનાના કામે કેદની સજા નહી કરતાં દંડની સજા ફરમાવવામાં આવે તો, ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

અ આ કામના **આરોપી વિકુંજભાઈ હસમુખભાઈ પ્રજાપતિ**ને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૨ અન્વયે **ઈ.પી.કો.ક.-૨૬૯, ૧૮૮ તથા એપેડેમીક એકટ ૧૯૮૭ની કલમ-૩ તથા એમ.વી.એકટની કલમ-૧૮૫ ના ગુનામાં** આરોપીની કબુલાત આધારે તકસીરવાન ઠરાવી આરોપીને **ઈ.પી.કો.ક.-૨૬૯, ૧૮૮ તથા એપેડેમીક એકટ ૧૯૮૭ની કલમ-૩ ના ગુના કુલ રૂા. ૧૦૦/-(અંકે રુપીયા એકસો પુરા) તથા એ.વી.એકટની કલમ - ૧૮૫ ના ગુના સબબ રૂા. ૧૦૦૦/- (અંકે રુપીયા એક હજાર પુરા)**નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામાં આવે છે તથા જો દંડ ના ભરે તો દિન-૧૦ ની સાદી કેદ ની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આમ, કુલ્લે રૂા. ૧૧૦૦/- (અંકે રુપીયા અગીયારસો પુરા) દંડ પેટે વસુલ લેવા.

**હુકમ આજરોજ તા.૧૦મી માહે જુલાઈ સને ૨૦૨૧ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.**

**તારીખ:૧૦/૭/૨૦૨૧**
**સ્થળ : વડોદરા**

**(ઝફરૂલ્લાખાન અતાઉલ્લાખાન સિન્ધી)**
**ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ**
**વડોદરા.**

**(સ્પેશ્યલ સીટીંગ)**

**યુ.આઈ.સી.નં.જીજે ૦૦૬૪૭**